# દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો, દાદા દર્શન દ્યો

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો, દાદા દર્શન દ્યો

કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે પાલખી

કોઈ આવે પગપાળે ...

કોઈ આવે પગપાળે દાદાને દરબાર હાં હાં દાદાને દરબાર

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો, દાદા દર્શન દ્યો

શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે પાલખી

હું આવું પગપાળે ...

હું આવું પગપાળે દાદાને દરબાર હાં હાં દાદાને દરબાર

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો, દાદા દર્શન દ્યો

કોઈ મૂકે સોના-રૂપા, કોઈ મૂકે મહોર

કોઈ  મૂકે  ચપટી  ચોખા ...

કોઈ મૂકે ચપટી ચોખા દાદાને દરબાર હાં હાં દાદાને દરબાર

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો, દાદા દર્શન દ્યો

શેઠ મૂકે સોના રૂપા, રાજા મૂકે મહોર

હું મૂકું ચપટી ચોખા...

હું મૂકું ચપટી ચોખા દાદાને દરબાર હાં હાં દાદાને દરબાર

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો, દાદા દર્શન દ્યો

કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે આંખ

કોઈ માંગે ચરણોની સેવા...

કોઈ માંગે ચરણોની સેવા દાદાને દરબાર હાં હાં દાદાને દરબાર

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો, દાદા દર્શન દ્યો

કોઢીઓ માંગે કંચન કાયા, આંધળો માંગે આંખ

હું માંગુ ચરણોની સેવા...

હું માંગુ ચરણોની સેવા દાદાને દરબાર હાં હાં દાદાને દરબાર

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો, દાદા દર્શન દ્યો

હીરવિજય ગુરૂ હિરલોને, વીરવિજય ગુણ ગાય

શત્રુંજયના દર્શન કરતાં...

શત્રુંજયના દર્શન કરતાં આનંદ અપાર હાં હાં આનંદ અપાર

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો, દાદા દર્શન દ્યો

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો, દાદા દર્શન દ્યો

February 24, 2016 - https://www.youtube.com/watch?v=5qeJ20Pg9ds